પીવાના પાણીની તંગી અન્વયે ગામની આંતરિક સુવિધાઓ અંતર્ગત કરવાની થતી કામગીરીમાં લોકફાળો લેવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
બ્લોક નં.-૭/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક આરડબલ્યુએસએસ/ ૪૧૬ / ખ-3
તારીખ:- 3 / ૪ / ૨૦૧૦

વંચાણે લીધા : (૧) નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક આર.ડબલ્યુ.એસ.એસ./૧૦૨૦૦/ જી.ઓ.આઇ/ .૨૫૫ /ખ-3 તા.૨૪/૯/૨૦03

(૨) નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક અછત /૧૦૨૦૦૫ તા.૧/૪/૨૦૦૫ થી ૨૦૦૫-૦૬

(3) ગુ.પા.પુ .અને ગ.વ્ય.બોર્ડના પરિપત્ર ક્રમાંક અછતસેલ /લોકફાળો /૫૧ તા.૨૫/૪/૨૦૦૫

(૪) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય પેયજળ આપૂર્તી વિભાગ તરફથી ડબલ્યુ-.૧૧૦૨૧ /૨ /૨003 તા.૧૫/૫/૨૦૦૬

(૫) ગુ.પા.પુ .અને ગ.વ્ય.બોર્ડની બોર્ડ બેઠક નંબર ૨૧૯ તા.૯/૫/૨૦૦૭ના ઠરાવ નં. ૨3

<u>પ રિ પ ત્ર</u>

રાજ્યની ગ્રામીણ પાણી પુરવઠા યોજના અન્વયે ગામની અંદરની પીવાના પાણીની વ્યવસ્થા લોકભાગીદારીથી કરવા, ૧૦ ટકા લોકફાળો લેવા માટે વંચાણે લીધેલ અનુક્રમ નંબર-૧ થી ૫ મુજબ વખતો વખત ઠરાવ/ પરિપત્ર કરવામાં આવેલ છે. પરંતુ આગામી ઉનાળાની સંભવિત પીવાના પાણીની તંગીને ધ્યાને લઇને હવેં ગામની આંતરીક પીવાના પાણીની સુવિધાંઓ જેવી કે પીવાના પાણી માટેના ઉંડા પાતાળકુવા, હેન્ડપંપ માટેના બોર, પંપ, મોટર, કેબલ, કોલમ પાઇપો, કંટ્રોલ પેનલ બોર્ડ તેમજ ગામની અંદરની વિતરણ વ્યવસ્થા માટેની ઘર કનેકશન સુધીની અન્ય સુવિધાઓમાં <u>તા.૩૧.૦૮.૨૦૧૦ સુધી અથવા સારો - પુરતો વરસાદ ન પડે ત્યાં સુધી (બેમાંથી જે મોડું હોય ત્યાં</u>

સુધી) લોકફાળાની કોઇપણ રકમ ન લેતાં પાણી પુરવઠા વિભાગના બજેટમાંથી / બોર્ડના સ્વભંડોળમાંથી ૧૦૦ ટકા ખર્ચે કામો કરવાના રહેશે તથા નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) ઉપરોક્ત પરિપત્ર નો મુળ હેતુ પ્રજાને પીવાનું પાણી પુરૂ પાડવા માટેનો જ છે.

(૨) મુળ હેતુ બહાર કોઇ કામ મંજુર કરવાનું રહેશે નહી.

(૩) દરેક કાર્યપાલક ઇજનેરશ્રીએ દર મહિને કેટલો ખર્ચ ક્યા કામ માટે થયો છે તેનું પત્રક દર મહિનાની ૧૦ તારીખ પહેલા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી ને તથા એક નકલમાં માનનીય મંત્રીશ્રી (પાણી પુરવઠા)ના કાર્યાલયમાં અચુક મોકલવાનું રહેશે. આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

( ડી.કે.મહેતા)
મુખ્ય ઇજનેર(પા.પુ.) અને અધિક સચિવ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક.ના મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી (પા.પુ.)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
(૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૭) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, જલસેવા ભવન, ગાંધીનગર.
(૮) મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧ / ૨ /૩ /૪, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વડોદરા, અમદાવાદ, રાજકોટ અને કચ્છ-ભૂજ
(૯) કલેકટરશ્રી (સર્વે)
(૧૦) જીલ્લા વિકાસ અધિકારીશ્રી (સર્વે)
(૧૧) સીલેકટ ફાઇલ.
(૧૨) નાયબ સેકશન અધિકારીશ્રી, સેલેકટ ફાઇલ.

(EE (P & M)